उतिष्ठत् जाग्रत् प्राप्य वरान्निबोद्यत्

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)


# મુખપત્ર

**તંત્રી મંડળ**

શ્રી જયંતભાઈ જોશી
શ્રી વિપુલભાઈ વી. દવે
શ્રી હેતલકુમાર શુક્લ
શ્રી ધ્રુવ શુક્લ
શ્રી કૃતાર્થ જોષી
શ્રી દિગિશ દવે

**નવેમ્બર ૨૦૨૫**

**શ્રી મહાલક્ષ્મૈ નમઃ**



**શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ**

**શ્રી મહાલક્ષ્મીધામ, શહેરા**

| | | |
|---|---|---|
| **પ્રમુખ**<br>શ્રી કમલેશભાઈ પાઠક<br>મો. 94265 11472 | **મંત્રી**<br>શ્રી યોગેશ શુક્લ<br>મો. 98240 58799 | **આજીવન સભ્ય ફી**<br>રૂ. ૫૦૧/-,<br>**વાર્ષિક સભ્ય ફી**<br>રૂ. ૨૦૧/-<br>પરદેશમાં રહેતા શ્રી બંધુ માટે<br>આજીવન સભ્ય ફી રૂ. ૨૫૦૦/- |
| **ખજાનચી**<br>શ્રી પ્રવિણ પુરોહિત<br>મો. 9824358297 | **તંત્રી**<br>શ્રી રાજેશ પંડ્યા 'રાજ'<br>મો. 94286 04119 | |

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદ


સી–212, દેવ ઓરમ, આનંદનગર, પ્રહલાદનગર રોડ, અમદાવાદ–380 015. મો. 8799163969


## વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૧૨-૨૦૨૫, રવિવારના રોજ રાખવામાં આવેલ છે. શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નોંધાયેલા સભ્યોને આ મિટિંગમાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

### -: એજન્ડા :-

(૧) સમાજના દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ.

(૨) ગઈ વાર્ષિક સામાન્ય સભાની મિટિંગની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજૂર કરવા બાબત.

(૩) પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન અને સ્વાગત

(૪) મંત્રીશ્રીનો અહેવાલ

(૫) કોષાધ્યાક્ષ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ તથા વર્ષ ૨૦૨૪-૨૫ના હિસાબોની બહાલી આપવા બાબત.

(૬) સને વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો માટે સી.એ./ઓડિટરની નિમણૂક બાબત.

(૭) સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત નોંધણી નંબર એ/૩૩૫૨/અમદાવાદ માટે ચેરીટી કમિશ્નરના તા. ૩૦-૦૧-૨૦૨૧ના હુકમ /નવી સ્કીમથી નિમાયેલા તમામ ટ્રસ્ટીઓની મુદત પુરી થતાં કલમ - ૭, ૮ અને ૯ અંતર્ગત ૧૫ ટ્રસ્ટીઓ (ટ્રસ્ટી મંડળ) ની નિમણૂક પસંદગીથી/ચૂંટણી દ્વારા કરવા બાબત.

(૮) પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થનાર બાબત.

(૯) આભાર વિધી

**મિટિંગનું સ્થળ : સરદાર પટેલ સેવા સમાજ,**
ઈન્દુબેન ખાખરાવાળાની સામે, નવરંગપુરા, અમદાવાદ.
**ચૂંટણીની તારીખ અને સમય :** ૨૮-૧૨-૨૦૨૫, સવારે ૯.૦૦ થી ૧૧.૦૦કલાક
**મિટિંગની તારીખ અને સમય :** ૨૮-૧૨-૨૦૨૫, સવારે ૧૧.૦૦ કલાકે

- યોગેશ શુક્લ, મંત્રી

તા.ક. :

(૧) સામાન્ય સભામાં તમામ સભ્યશ્રીઓ હાજર રહી શકે છે અને મત આપી શકે છે.

(૨) સામાન્ય સભા ૧૫ ટ્રસ્ટીઓ (ટ્રસ્ટી મંડળ)ની નિમણૂક પસંદગીથી/ચૂંટણી દ્વારા કરશે.

(૩) બંધારણ અનુસાર ટ્રસ્ટી મંડળની નિમણૂક થયેથી ટ્રસ્ટી મંડળમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ-૨, મંત્રી, સહમંત્રી-૨, ખજાનચી, સહ ખજાનચી અને આંતરીક ઓડિટરની નિમણૂક કરવાની રહે છે.

**બેઠકની પૂર્ણાહુતિ બાદ લંચની વ્યવસ્થા રાખેલ છે.**

(આપની ઉપસ્થિતિ અંગે સમાજના **મો.નં.૮૭૯૯૧૬૩૯૬૯** ઉપર વોટ્સએપ કરશો.)

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદ

**સી–212, દેવ ઓરમ, આનંદનગર, પ્રહલાદનગર રોડ, અમદાવાદ–380 015. મો. 8799163969**

## સર્વ સભ્યો જોગ - જાહેરનામું

**(ટ્રસ્ટી સભ્યોની નિમણૂક /ચૂંટણી)**

તા. ૨૪-૧૧-૨૦૨૫

સમાજના તમામ સભ્યોને વિદિત થાય કે, સમાજના વહીવટકર્તા વર્તમાન ટ્રસ્ટી સભ્યો / હોદ્દેદારોના કાર્યકાળની મુદત, આગામી જાન્યુઆરી ૨૦૨૬માં પૂર્ણ થાય છે, જેથી આગામી સમય (મુદત) પર્યંત વહીવટ માટે ટ્રસ્ટી સભ્યોની નિમણૂક/ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવી અનિવાર્ય છે.

સમાજના બંધારણ કલમ ૭(અ) મુજબ સમાજમાં ટ્રસ્ટી સભ્યની સંખ્યા ઓછામાં ઓછી ૯(નવ) અને વધુમાં વધુ ૧૫ (પંદર)ની છે, જે આપશ્રીને વિદિત થાય.

વર્તમાન બંધારણ કલમ ૯(૨) મુજબ ટ્રસ્ટી મંડળ દ્વારા ઉપરોક્ત કાર્ય માટે ચૂંટણી અધિકારી તરીકે મારી નિમણૂક કરી છે અને સહાયક સભ્ય તરીકે (૧) શ્રી પ્રશાંતભાઈ જોશી, મો. ૯૮૨૫૫૫૨૯૨ અને (૨) શ્રી રાજેશભાઈ એસ. પંડ્યા, મો. ૯૯૯૮૭૧૬૫૭૭ની નિયુક્તિ કરી છે. ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે ઉપરોક્ત કમિટીને સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે.

પ્રાપ્ત અધિકાર અંતર્ગત સમાજના વહીવટ માટે આગામી મુદત માટે ટ્રસ્ટી સભ્યોની નિમણૂક/ચૂંટણી અંગેનું જાહેરનામું આજ રોજ જાહેર કરું છું, એ સંદર્ભે સૂચિત કાર્યક્રમ જાહેર કરું છું.

### કાર્યક્રમની વિગત

(૧) ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ તા. ૦૧-૧૨-૨૦૨૫

(૨) ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તા. ૨૦-૧૨-૨૦૨૫, સાંજે ૬.૦૦ કલાક સુધી

(૩) ઉમેદવારી ફોર્મ પરત લેવાની તા. ૨૩-૧૨-૨૦૨૫

(૪) ઉમદેવારી ફોર્મ ચકાસણીની તા. ૨૫-૧૨-૨૦૨૫

(૫) ચૂંટણી પરિણામ જાહેર કરવાની તા. ૨૮-૧૨-૨૦૨૫

**ઉમેદવારી ફોર્મ ભરીને મોકલવાનું સરનામું : શ્રી કુમુદચંદ્ર અંબાલાલ દવે**

૭૦, સ્વામીનારાયણ સોસાયટી, વિશાલનગર રોડ, ગોવિંદવાડી પાસે,
ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩. મો. ૯૮૨૫૫૧૦૭૯૨

### ખાસ અનિવાર્યતા :

(૧) ટ્રસ્ટી સભ્ય માટે સમાજના તમામ પ્રકારના સભ્યો ઉમેદવારી કરી શકશે, જે તા. ૧૫-૧૨-૨૦૨૫ સુધી રજીસ્ટર્ડ થયેલ હોવા જરૂરી.

(૨) ચૂંટણી ફોર્મ સાથે ટ્રસ્ટીની જગ્યા માટે ફોર્મ ફી રૂ. ૫૦૦/- ની નોન રીફંડબેલ ભરવાના રહેશે.

(૩) બંધારણની કલમ ૯(૩) મુજબ ઉમેદવારી નોંધાવવાના નિયત ફોર્મમાં માંગવામાં આવેલ તમામ વિગત, જો અધૂરી અને અસ્પષ્ટ જણાશે તો ફોર્મ રદ ગણાશે.

(૪) ઉમદેવારી ફોર્મ સ્પીડ પોસ્ટ અથવા રૂબરૂમાં આપવું. રૂબરૂ આપનારે ફોર્મ ડુપ્લીકેટ (બે નકલમાં) રજૂ કરવું અને મળ્યાની પહોંચ મેળવી લેવી.

(૫) ૧૫ ટ્રસ્ટી સભ્ય સંખ્યા પસંદગી/ચૂંટણી પ્રક્રિયાથી સંપન્ન થશે.

**શ્રી કુમુદચંદ્ર એ. દવે**
ચૂંટણી અધિકારી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત
રજી. નં. એ/૩૩૪૨/અમદાવાદ

તા. ૨૪-૧૧-૨૦૨૫
અમદાવાદ

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદ

સી–212, દેવ ઓરમ, આનંદનગર, પ્રહલાદનગર રોડ, અમદાવાદ–380 015. મો. 8799163969

## ટ્રસ્ટી મંડળના સભ્ય તરીકે ચૂંટણી માટેનું ઉમેદવારી ફોર્મ

(વર્ષ ૨૦૨૬–૨૦૩૦)

### ભાગ-૧ (ઉમેદવારે ભરવાનું)

હું શ્રી/શ્રીમતિ ..............................................................
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદના કાયમી સભ્ય તરીકે આશરે ................ વર્ષથી સભ્યપદ ધરાવું છું અને સમાજના ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટી સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવું છું. સદર બાબતે સમાજ દ્વારા નિયુક્ત થયેલ ચૂંટણી અધિકારી શ્રી જે કોઈ નિર્ણય લેશે તે મને ગ્રાહ્ય રહેશે.

મારી અન્ય વિગતો :

સરનામું (પીન કોડ સાથે) : ......................................................

...................................................... ફોન નંબર : ...........................

તારીખ : ...........................

સ્થળ : ........................... સહી

### ભાગ-૨ (અનુમોદન કરનાર સભ્યશ્રીએ ભરવું)

હું શ્રી/શ્રીમતિ ..............................................................
સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદના કાયમી સભ્ય તરીકે આશરે ................ વર્ષથી સભ્યપદ ધરાવું છું અને સમાજના ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટી સભ્ય તરીકે ઉમેદવારી પત્રક ભર્યું છે, તેમના નામને મારું ખરા હૃદયથી અનુમોદન છે, આ સંદર્ભે મારી અન્ય વિગત નીચે મુજબ છે.

નામ ................................................ સભ્ય ક્રમાંક .....................

સરનામું (પીન કોડ સાથે) : ......................................................

...................................................... ફોન નંબર : ...........................

તારીખ : ...........................

સ્થળ : ........................... અનુમોદન કરનારની સહી

## ભાગ-૩ (ચૂંટણી અધિકારીએ ભરવું)

ઉમેદવારી ફોર્મ મળ્યા નંબર ..........................

(૧) ઉમેદવારે તા.................. ના રોજ રૂબરૂમાં ................. કલાકે ઉમેદવારી પત્રક આપ્યું.

(૨) ઉમેદવારી પત્રક ટપાલ, સ્પીડ પોસ્ટ, કુરીયર દ્વારા તા......................... ને .................. કલાકે પ્રાપ્ત થયેલ છે.

(૩) પોસ્ટ રજી. નં................ તા. ....................... અથવા કુરીયર નં.................. તા .......................

સ્થળ :

તારીખ : ચૂંટણી અધિકારીની સહી

## ભાગ-૪

મેં સભ્ય દ્વારા પ્રાપ્ત થયેલ ઉમેદવારી ફોર્મ ચકાસ્યું છે અને તેના આધારે નીચે મુજબનો નિર્ણય લીધો છે.

ઉમેદવારી પત્રક માન્ય/અમાન્ય ઠરેલ છે.

નિર્ણય લેવાનો આધાર (કારણ સાથે) : ..................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

ચૂંટણી અધિકારીની સહી

# SAMAST SHRIGAUD SAMAJ GUJARAT

## Balance Sheet as on 31-03-2025

| Liabilities | 31-03-2024 | 31-03-2025 | Assets | 31-03-2024 | 31-03-2025 |
|---|---|---|---|---|---|
| **Capital Account** | | | **Fixed Assets** | | |
| General Welfare Fund | 13,69,926=00 | 12,70,858=00 | Furniture | 21,330=00 | 21,330=00 |
| 13,69,926=00 | | | | | |
| Edu. (-) 1,02,788=00 | | | | | |
| Ann S. (+) 133=00 | | | | | |
| Life membership fees fund | 4,14,408=00 | 4,15,909=00 | | | |
| **Jagruti Nibhav Fund** | 0=00 | 68,871=00 | **Investments** | | |
| | | | State Bank of India FDR | 12,48,000=00 | 13,48,000=00 |
| | | | Bank of India FDR | 2,75,856=00 | 2,75,856=00 |
| **Excess Income Over** | | | **Current Assets** | | |
| **Expenditure** | 8671=59 | 68,212=97 | Cash in Hand | 10,890=00 | 13,334 |
| Opening Bal. 8,671=59 | | | **Bank Accounts** | | |
| Current Bal. 59,541=38 | | | SBI Saving A/c | 1,54,961=88 | 1,00,309=26 |
| | | | BOI Saving A/c | 44,784=51 | 25,260=51 |
| | | | Cosmos Saving A/c | 8,636=20 | 8,636=20 |
| | | | Dev Auram AMC Fund | 5,000=00 | 5,000=00 |
| | | | Dev Auram Corpus Fund | 10,225=00 | 10,225=00 |
| | | | TDS 2022-23 | 5,739=00 | 0=00 |
| | | | TDS 2023-24 | 7,583=00 | 7,583=00 |
| | | | TDS 2024-25 | | 8317=00 |
| **Total** | **17,93,005=39** | **18,23,850=97** | **Total** | **17,93,005=39** | **18,23,850=97** |

| President | Secretary | Treasurer |
|---|---|---|
| Kamleshbhai Pathak | Yogesh Shukla | Pravin Purohit |

# SAMAST SHRIGAUD SAMAJ GUJARAT

## Income & Expenditure Statement 01-04-2024 to 31-03-2025

| Expenditure | 31-03-2024 | 31-03-2025 | Income | 31-03-2024 | 31-03-2025 |
|---|---|---|---|---|---|
| Bank Charges | 70=80 | 187=62 | Bank Interest FDR | 80,894=00 | 83,995=00 |
| Electric Bill Exp. | 10,000=00 | 10,000=00 | Jagruti : Advertise Income | - | 38,902=00 |
| Jagaruti Publishing Exp. | - | 36,880=00 | Saving Bank Interest | 4,885=00 | 5,105=00 |
| Legal Exp. | - | 11,700=00 | Sharadotsav Receipt | 1,12,102=00 | 1,49,104=00 |
| Meeting Exp. | 1,180=00 | 5,000=00 | TDS Refund Interest (2022-23) | | 341=00 |
| Municipal Tax | 21,331=00 | 21,744=00 | | | |
| Office Maintenance Dev Auram | 24,836=00 | 14,606=00 | | | |
| Sharadotsav Exp. | 87,725=00 | 99,779=00 | | | |
| Stationary Exp. | 4,690=00 | 1,350=00 | | | |
| Audit Fee | 10,000=00 | 5,900=00 | | | |
| Donation | 6,100=00 | | | | |
| Admin Exp. | 28,225=00 | | | | |
| Office Exp. | 2,500=00 | 10,759=00 | | | |
| Excess Income over Exp. | 1,223=20 | 59,541=38 | | | |
| | | | | | |
| **Total** | **1,97,881=00** | **2,77,447=00** | **Total** | **1,97,881=00** | **2,77,447=00** |

| President | Secretary | Treasurer |
|---|---|---|
| Kamleshbhai Pathak | Yogesh Shukla | Pravin Purohit |

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત

રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદ

સી–212, દેવ ઓરમ, આનંદનગર, પ્રહલાદનગર રોડ, અમદાવાદ–380 015. મો. 8799163969


## મંત્રીશ્રીનો અહેવાલ

તા. ૨૪-૧૧-૨૦૨૫

શ્રી પરિવાર,

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના પાંચ વર્ષના કાર્યકાળ દરમ્યાન તમામ શ્રી પરિવારનો સાથ, સહકાર અને સહાનુભૂતિ અપ્રતિમ મળવાને કારણે નાની–મોટી સામાજિક ઉત્થાનની જવાબદારી સહજતાથી અમો પૂરી કરી શક્યા. પાંચ-છ વર્ષના સમયગાળા દરમ્યાન, કોરોનાકાળ દરમ્યાન જરૂરિયાતવાળા પરિવારને આર્થિક સહાય, બે વર્ષ અન્નકીટ, ચોપડા વિતરણ તથા સતત ત્રણ વર્ષ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ફી સહાય કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો અને સફળતા પણ મળી. સાથો સાથ ધાર્મિક કાર્ય કરતા શ્રીબંધુઓને પણ શક્ય બને ત્યાં સુધી સહાય કરવામાં આવી.

ખ્યાતનામ ડૉ. કેતનભાઈ શુક્લ અને ડૉ. રિદ્ધિબેન શુક્લના સહકારથી બે વર્ષ ગાયનેક અને યુરોલોજીને લગતા પ્રશ્નો માટે મેડીકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવેલ તથા Knee-Brace કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ, જેનો સમાજના ઘણાબધા લોકોએ લાભ પ્રાપ્ત કરેલ છે.

વર્ષ ૨૦૧૯માં શહેરા મુકામે યોજાયેલ સમૂહજનોઈ તથા એક વર્ષ બાદ દિવાળી પર સામાજિક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું. સતત ચાર વર્ષ સુધી અમદાવાદ મુકામે ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૨૦માં ચેરીટી કમિશ્નરના પર, સ્કીમની માન્યતાબાદ નાણાંકીય હિસાબો ૨૦૦૫ થી ૨૦૧૯ સુધીના ચેરીટી કમિશ્નરમાં રજૂ કરી, ફાળાની રકમ ભરી સંસ્થાને રાબેતા મુજબ કાયદાકીય અસ્તિત્વમાં લાવવામાં આવી. જેના ફળ સ્વરૂપે ચાર વર્ષથી આપણી સંસ્થા ઈન્કમટેક્ષ રીફંડ પણ પ્રાપ્ત કરતી થઈ.

આપણા સમાજનું મુખપત્ર શ્રીગૌડ જાગૃતિ – છેલ્લા બે વર્ષથી સમયાંતરે એટલે કે દર બે મહિને તંત્રીશ્રી રાજેશ પંડ્યા–રાજ ના નેતૃત્વ હેઠળ સમાજ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, તેમાં શુભેચ્છા જાહેરાત દ્વારા સમાજના શ્રીપરિવાર તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે અને ભવિષ્યમાં પણ થતો રહેશે. આપણા સમાજના મુખપત્ર શ્રીગૌડ જાગૃતિને તંત્રીમંડળ દ્વારા સુંદર રીતે ફોરકલરમાં ડીઝાઈન બનાવી સમાજ સમક્ષ રજૂ કરવામાં આવે છે, જેથી શ્રી પરિવારમાં સિદ્ધિ સોપાન, અને વિશેષતા પ્રાપ્ત કરનાર લોકોના સમાચાર સમાજના દરેક શ્રીબંધુ પાસે પહોંચે છે. શ્રીગૌડ જાગૃતિમાં આર્થિક સહયોગ આપનાર દરેક શ્રીપરિવારનો હૃદયથી ધન્યવાદ.

સમાજની યોગ્ય સુચારુ કાર્યવિધિના ફળ સ્વરૂપે સમાજના શ્રેષ્ઠી શ્રી મિહિરભાઈ પંડ્યા તરફથી પ્રહલાદનગર જેવા વિસ્તારમાં સમાજ માટે એક ઓફિસ ફાળવી આપવામાં આવી, જે સમયાંતરે વપરાશમાં લેવામાં આવે છે. આપણા વર્તમાન પ્રમુખ શ્રી કમલેશભાઈ એસ પાઠકના માર્ગદર્શન અને આર્થિક સહયોગને કારણે સમાજમાં ગતિશીલતા જોવા મળી રહી છે. હાલ, પ્રમુખશ્રીના માર્ગદર્શન હેઠળ એક બીજી સંસ્થા માટે પ્રયત્ન ચાલુ છે, ભવિષ્યમાં આપણે તેમાં પણ જરૂર સફળતા પ્રાપ્ત કરીશું જ.

આપ સૌના સતત સાથ, સહકાર અને શુભેચ્છાને કારણે શક્ય તેટલો સમાજના ઉત્થાનમાં ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સભ્યો દ્વારા સમાજની પ્રગતિ માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. આ દરમ્યાન સમાજના હોદ્દેદારો તરફથી અજાણતાં કોઈ ભૂલ કે ક્ષતિ રહી ગઈ હોય તો તેને દરગુજર કરી શ્રી પરિવાર તેને જરૂર માફ કરશે તેવી આશા.

– યોગેશ શુક્લ, મંત્રી

# EMERALD DEVELOPERS

## KAMLESH PATHAK

**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.



**પ્રકાશક અને મુદ્રક :**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી શ્રી કમલેશભાઈ પાઠક**
**સી-૨૧૨, દેવઓરમ બિલ્ડિંગ,**
**આનંદ નગર ચાર રસ્તા પાસે, પ્રહલાદનગર રોડ,**
**અમદાવાદ - ૩૮૦૦૧૫**
**મો. 94265 11472**


બુક–પોસ્ટ

પ્રતિ